Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.17

Impact Factor
Quarterly
July-Aug-Sep2023

## ગુજરાતમાં બાંધકામ ક્ષેત્ર

ડૉ. ફોજીયા શેખ

ગુજરાતમાં બાંધકામ ક્ષેત્રનો સારો વિકાસ થયો છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ યોજનાની પહેલ કરતા ગુજરાત રાજ્ય પાસે વિશાળ માળખાકીય સવલતો છે. એશિયાની સૌથા વિશાળ રોકાણની તક ધરાવતા રાજ્ય તરીકે પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. ગુજરાત રાજ્યે એક કાર્યક્રમ અને રોકાણકારની જરૂરિયાત મુજબની રોકાણ વ્યવસ્થા ઊભી કરી છે. જેના પરિણામ સ્વરૂપ શહેરી અને ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસને વેગ આપ્યો છે.

ભાવિ વિકાસની નિશ્ચિત સફળતા સાથે ગુજરાતની એક પ્રગતિશીલ રાજ્ય તરીકે સતત ઊભરી આવ્યું છે. ભારતના એક નૂતન રાજ્ય તરીકે ગુજરાતના વિકાસનો ઈતિહાસ એક સમૃદ્ધિ-વિકાસના પર્યાય તરીકે બહાર આવ્યો છે.

1960 માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. આજે ગુજરાતમાં દરેક ક્ષેત્રે અસરકારક વિકાસ જોવા મળે છે. એક આર્થિક ક્ષેત્રે ગુજરાત રાજ્ય રોકાણકર્તાના સ્વર્ગ તરીકે બહાર આવ્યું છે. વૈશ્વિક મંદી હોવા છતાં પણ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટરની સમજૂતિ કરારોમાં રૂા. 12 લાખ કરોડના જંગી સૂચિત રોકાણ સાથે અમદાવાદમાં સંપન્ન થઈ.

વિકાસ માટે કામ કરતી સરકારી એજન્સી કે જે રોડ, પોટર્સ, પાવર અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે ગુજરાત એક વિશાળ ફલક પર યજમાન જેવી ભૂમિકા ભજવી છે. આર્થિક વિકાસમાં હંમેશા આગળ રહેનાર આ રાજ્ય આન્ફાસ્ટ્રક્ચરના વિકાસ માટેનું વિશ્વનું શ્રેષ્ઠ ઈન્ફાર સ્ટ્રક્ચર છે.

ગુજરાત આન્ફાસ્ટ્રક્ચરલ ડેવલેપમેન્ટ બોર્ડની સ્થાપના 1995 માં કરવામાં આવી. જેમાં રાજ્યની નાની-મોટી માળખાકીય સુવિધાના વિકાસને ગતિ આપવાનું કામ ગુજરાત રાજ્ય સરકારે કર્યું છે.

બિલ્ડીંગ અને અન્ય બાંધકામ કામદાર અધિનિયમ-1996 હેઠળ (રોજગારીનું નિયમન અને કાર્યની શરતો) રજુ કરવામાં આવ્યા, વિભાગ 18 ના રાજ્ય બિલ્ડીંગ અને અન્ય બાંધકામ કામદાર નિયમો 2003, 18 ડિસેમ્બરના રોજ નિયમ-36-2004 હેઠળ બિલ્ડીંગ અને અન્ય બાંધકામ કામદાર બોર્ડની રચના કરવામાં આવી.

ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ મકાન અને અન્ય બાધકામ ક્ષેત્રના શ્રમયોગીઓની લાભાર્થીની નોંધમી કરે છે અને ઓળખકાર્ડ ઈસ્યુ કરે છે. બોર્ડમાં નોંધાયેલા હોય તેવા જ શ્રમયોગીઓને જુદી જુદી સામાજિક કલ્યાણકારી યોજનાઓનો લાભ આપે છે જેવી કે

- અંત્યેષ્ઠિ યોજના
- શ્રમિકોના બાળકો માટે શિક્ષણ સહાય યોજના
- આકસ્મિક મૃત્યુ સહાય યોજના
- પ્રસૂતિ સહાય યોજના
- લાભાર્થી તરીકેની નંધણી માટેની અરજી
- બાંધકામ લાભાર્થી નોંધણી રીન્યુ કરવાની અરજી
- તબીબી સહાય યોજના
-

**ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલા બાંધકામ શ્રમિકોનું પ્રમાણ**

| વર્ષ | રજીસ્ટર થયેલા લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| 2007-08 | 251 |
| 2008-09 | 23159 |
| 2009-10 | 19929 |
| 2010-11 | 2950 |
| 2011-12 | 12640 |
| 2012-13 | 4940 |
| 2012-14 | 953 |
| 2014-15 | 17324 |
| 2015-16 | 198320 |
| 2016-17 | 252429 |
| 2017-18 | 86059 |
| કુલ | 618954 |

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ 2007-08 થી 2017-18 સુધીમાં 618954 બાંધકામ શ્રમિકો મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા રજીસ્ટ્રર થયેલા છે. અને જેમણે આ બોર્ડની વિવિધ યોજનાઓનો લાભ લીધો છે.

**ડૉ. ફોજીયા શેખ**

Visiting Faculty H. K. Commerce College, Ahmedabad.

E-mail id : fojiyapathan4510@gmail.com